પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૫ ● અંક : ૧૬૮ ● કુલ પાના : ૪ ● તારીખ : ૧૧-૦૩-૨૦૨૨ શુક્રવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### પાંચ રાજયોની વિધાનસભા ચુંટણીના પરિણામ જાહેર

## યુપી, ઉત્તરાખંડ ગોવા અને મણિપુરમાં ભાજપનો જાદુ ચાલ્યો તો પંજાબમાં આમ આદમી પાર્ટીએ બાજી મારી

નવીદિલ્હી,

દેશના પાંચ રાજયોમાં યોજાયેલી વિધાનસભાની ચુંટણીના પરિણામ આજે જાહેર કરવામાં આવ્યા છે.જેમાં ઉત્તરપ્રદેશ,ઉત્તરાખંડ,ગોવા અને મણિપુરમાં ભાજપનો વિજય થયો છે.ભાજપે યુપી અને ઉત્તરાખંડમાં પોતાની સત્તા જાળવી રાખી છે જયારે પંજાબમાં આમ આદમી પાર્ટીનું ઝાડુ ફરી વળ્યું છે જેમાં પંજાબના દિગ્ગજ નેતાઓ સાફ થઈ ગયા છે.કોંગ્રેસનો પરાજય થયો છે અને પંજાબની પ્રજાએ આમ આદમી પાર્ટી પર વિશ્વાસ વ્યકત કર્યો છે.પૂર્વ મુખ્યમંત્રી કેપ્ટન અમરિંદર સિંહ, કોંગ્રેસના મુખ્યમંત્રી ચરણજીતસિંહ ચન્ની,અકાલી દળના નેતા પ્રકાશસિંહ બાદલ અને તેમના પુત્ર બરવીરસિંહ બાદલ કોંગ્રેસના પ્રદેસ અધ્યક્ષ નવજોત સિંહ સિધ્ધુ પણ ચુંટણી હારી ગયા છે. પંજાબમાં આમ આદમી પાર્ટી ૩૯ બેઠકો જીતી છે જયારે કોંગ્રેસના ખાતામાં ૧૨ અકાલી ગઠબંધનને ત્રણ અને એનડીએને એક બેઠક મળી છે.જયારે ઉત્તરપ્રદેશમાં એનડીએને ૨૬૩,સપા ગઠબંધનને ૧૩૧ બસપાને એક,કોંગ્રેસને ૨ તથા અન્યને બે બેઠકો મળી છે. આવી જ રીતે ભાજપને ઉત્તરાખંડમાં ૪૬ કોંગ્રેસને ૧૬ બેઠકો મળી છે જયારે અન્યને ચાર બેઠકો મળી છે. મણિપુરની વાત કરીએ તો ભાજપને ૧૨ કોંગ્રેસને સાત એનપીએફને ૫, એનપીપીને સાત અન્યને છ બેઠકો મળી છે.



ઉત્તર પ્રદેશ વિધાનસભા ચૂંટણીમાં ભાજપની જીત બાદ ભાજપના કાર્યકરોએ જીતની ઉજવણી કરી હતી.ભાજપના કાર્યાલય ખાતે ભાજપના કાર્યકર્તાઓ એકત્રિત થઈ ગયા હતાં અને એક બીજાને મોં મીઠુ કરાવી ઢોલ નગારા સાથે નીચતા જોવા મળ્યા હતાં ભાજપના કાર્યકરોએ રંગ ઉડાવી અને પુષ્પોનો વરસાદ કરી મતદારોનો પણ આભાર માન્યો હતો.યુપીમાં એકવાર ફરી યોગી આદિત્યનાથ મુખ્યમંત્રી બનશે ભાજપે અહીં ઈતિહાસ રચ્યો છે.

ઉત્તરપ્રદેશમાં ૩૬ વર્ષ પછી પહેલીવાર સતત બહુમતની સરકાર રિપીટ થઈ છે. ઉત્તર પ્રદેશમાં અંદાજે ૩૭ વર્ષ પછી આવું થઈ રહ્યું છે કે જ્યારે કોઈ સરકાર પૂર્ણ બહુમતી સાથે રિપીટ થઈ છે. યુપીમાં ૨૦૧૭ અને ૨૦૨૨માં બીજેપી પૂર્ણ બહુમતી સાથે સરકાર બનાવી રહી છે. આ પહેલાં આવું વર્શ ૧૯૮૦, ૧૯૮૫માં થયુંહતુંકે જ્યારે કોઈ સરકાર પૂર્ણ બહુમતી સાથે રિપીટ થઈ હતી. ત્યારે કોંગ્રેસે વર્ષ ૧૯૮૦માં ૩૦૯, ૧૯૮૫માં ૨૬૯ સીટો સાથે સરકાર બનાવી હતી. વડાપ્રધાન મોદી, અમિત શાહ અને જેપી નડ્ડા સાંજે બીજેપી હેડક્વાર્ટર પર વિજયોત્સવ મનાવ્યો હતો.

પંજાબમાં જીત પછી અરવિંદ કેજરીવાલે સંબોધનમાં કહ્યું છે કે, પંજાબમાં જીત મળી છે, આજે મોટી મોટી ખુરશીઓ હલી ગઈ છે. જે મોટા માથાઓ હતા તે બધા હારી ગયા છે. અમે પ્રમાણિકતાનું રાજકારણ શરૂ કર્યું અને આખી સિસ્ટમને બદલી દીધી છે. અરવિંદ કેજરીવાલે કહ્યું કે, દરેક પાર્ટીઓએ અમારા વિરુદ્ધ કાવતરા ઘડ્યા હતા, એ સફળ ના થયા તો તેમણે મને આતંકવાદી પણ કહી દીધું હતું. પરંતુ આજે જનતાએ પુરાવો આપી દીધો છે કે, હું આતંકવાદી નહીં પરંતુ એક સાચો દેશભક્ત છું. અમે એક એવું ભારત બનાવીશું જ્યાં દરેક બાળકને શિક્ષણ મળશે.જીત પછી ભગવંત માને કહ્યું કેસ, અમે બધા સાથે મળીને સેવા કરીશું. જેવી રીતે મતદાન કર્યું છે તેવી જ રીતે એક જૂથ થઈને પંજાબ ચવાલીશું. પહેલાં પંજાબ મહેલોથી ચાલતું હતું હવે પંજાબ ગામડાઓથી ચાલશે. બધા મોટા માથાઓ હારી રહ્યા છે. અમે લખીને આપ્યું હતું કે ચન્ની સાહેબ હારી રહ્યા છે અને તેવું થયું.

ભગવંત માને કહ્યું કે, સરકાર બન્યા પછી અમારુ પહેલું કામ બેરોજગારી દૂર કરવાનું છે. અમે યુવાનોને રોજગાર આપીશું. તમે મારા પર વિશ્વાસ રાખજો. તમને એક મહિનામાં જ અંતર દેખાશે. ભગવંત માને કહ્યું કે, તમને પંજાબની કોઈ પણ ઓફિસમાં મુખ્યમંત્રીનો ફોટો નહીં દેખાય. માત્ર ભગત સિંહ અને બાબા સાહેબ આંબેડકરનો ફોટો દેખાશે.ભગવંત માને જાહેરાત કરી છે કે તેઓ રાજભવન નહીં પરંતુ ખટકર કલામાં શપથ લેશે. નોંધનીય છે કે, ખટકર કલા શહીદ એ આઝમ ભગત સિંહનો ગૃહ જિલ્લો છે.ગોવાના મુખ્યમંત્રી પ્રમોદ સાવંતે પાર્ટીને મળેલી જીત પર રિયેક્શન આપ્યું છે. પ્રમોદ સાવંતે કહ્યું છે કે, આ કાર્યકર્તાનીઓ મહેનતની જીત છે.

ભાજપની ઉત્તરાખંડમાં સરકાર હવે ચોક્કસપણે સત્તામાં પરત ફરશે. જોકે રાજ્યના મુખ્યમંત્રી પુષ્કર ધામીને ખટીમા બેઠક ઉપરથી આશરે ૬ હજાર મતોથી હારનો સામનો કરવો પડ્યો છે. તેને પગલે હવે ભાજપે ૧૨ મહિનામાં જ રાજ્યમાં ચોથા મુખ્યમંત્રીને શોધવા પડશે. મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીને ૩૭,૨૫૪ મત મળ્યા હતા, જ્યારે કોંગ્રેસના ભુવન સિંહ કાપડીને ૪૪,૪૭૯ મત મળતા આશરે ૬ હજાર મતોથી ધામીનો પરાજય થયો છે. ઉત્તરાખંડના ભૂતપૂર્વ હરીશ રાવતને તેમના લગ્નતિથિ નિમિત્તે બમણો ઝાટકો લાગ્યો છે. એક બાજુ, કોંગ્રેસ સરકાર માટે સરકાર બને તેવા કોઈ સંજોગો દેખાતા નથી ત્યારે રાવત લાલકુઆં બેઠક પરથી ભાજપના મોહન બિષ્ટ સામે ૧૪ હજાર મતથી હારી ગયા છે. જોકે રાવતના દીકરી અનુપમા રાવતે હરિદ્વાર ગ્રામીણ સીટ ઉપરથી ૬૦૦૦ મતથી ભાજપના યતીશ્વરાનંદને હરાવ્યા છે.દેશના સૌથી નાના રાજ્ય એવા ગોવાની સાંકેલિમ બેઠક પરથી ઝસ પ્રમોદ સાવંત સતત ત્રીજી વખત જીત્યા છે. રાજ્યમાં ફરીથી ભાજપની સરકાર બનવાનું નક્કી લાગી રહ્યું છે.પણજી બેઠક પરથી પૂર્વ ઝસ મનોહર પર્રિકરના પુત્ર ઉત્પલ ચૂંટણી હારી ગયા છે. તેમને ભાજપનાં અતાનાસિયો મોનસેરાટે ૭૧૦ મતથી હરાવ્યા છે. પાર્ટીના નેતા આજે જ રાજ્યપાલ પીએસ શ્રીધરન પિલ્લઈને મળીને સરકાર બનાવવાનો દાવો રજુ કરશે. જો કે ભાજપના ૧૪, કોંગ્રેસનાં ૬, આપનાં ૧ અને અન્યનાં ૪ ઉમેદવારે જીત મેળવી છે.

## ગુજરાતમાં આગામી ચાર દિવસ ગરમી અને બફારો યથાવત રહેશે : હવામાન વિભાગ

અમદાવાદ,

રાજ્યમાં અનેક વિસ્તારોમાં બુધવારે વાદળછાયું વાતાવરણ રહ્યું હતું. આ સાથે ગરમીનો પારો પણ ઉંચકાઈ રહ્યો છે. ત્યારે હવામાન વિભાગની આગાહી પ્રમાણે અમદાવાદ સહિત અનેક વિસ્તારોમાં માવઠાની આગાહી કરવામાં આવી છે. દક્ષિણ ગુજરાતના છોટા ઉદેપુર, નર્મદા, તાપી, ડાંગ, સુરત, ભરુચ, વલસાડ, દમણ તથા દાદરા અને નગર હવેલીમાં હળવો વરસાદ પડી શકે છે. જ્યારે સૌરાષ્ટ્રના ભાવનગર, અમરેલી, મધ્ય ગુજરાતના આણંદ, વડોદરા, દાહોદ, પંચમહાલ, વડોદરા, મહીસાગર, અરાવલી, ખેડા સહિતના જિલ્લાઓમાં પણ વરસાદની સંભાવના છે.

અમદાવાદમાં બુધવારે બપોર બાદ એકાએક વાતાવરણ પલટાયું હતું. સાઈક્લોનિક સરક્યુલેશનના કારણે, ઓઢવ, સિંગરવા, કઠવાડા સહિતના વિસ્તારોમાં કરા સાથે વરસાદ પડ્યાના સમાચાર મળ્યા હતા. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે મધ્ય રાજસ્થાન ઉપર ભેજના કારણે અપર એર સરક્યુલેશન સર્જાયા બાદ રાજસ્થાનમાં ૧૦ જિલ્લામાં કરા સાથે વરસાદ પડયો હતો. રાજસ્થાનના પ્રતાપગઢમાં બે ઈંચ સુધીનો વરસાદ પડયો હતો. જ્યારે તેની અસર ગુજરાતમાંના કેટલાક જિલ્લાઓમાં પણ પડી હતી.

હવામાન ખાતાએ આપેલી માહિતી પ્રમાણે, ભાવનગર, બોટાદ, તાપી, નર્મદા, છોટાઉદેપુર , ખેડા અને અમદાવાદના કેટલાક ભાગમાં વરસાદ વરસ્યો હતો હતો. અમદાવાદમાં હવામાન ખાતાના અધિકારી મનોરમા મોહંતીના જણાવ્યા મુજબ ભેજના કારણે રાજ્યમાં કેટલાક વિસ્તારોમાં વરસાદ પડયો છે. આ પ્રિ-મોન્સુન એક્ટીવીટી છે. જોકે, માર્ચ માસમાં આ પ્રકારની એક્ટીવીટી ભાગ્યે જ જોવા મળતી હોય છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સહિતના કારણો તેના માટે જવાબદાર છે.

સાઈક્લોનિક સર્ક્યુલેશનની અસરથી ૯ શહેરોમાં ગરમીનો પારો ૩૭ ડીગ્રીથી વધુ અને ૯ શહેરોમાં લઘુતમ તાપમાન ૨૧ ડીગ્રીથી વધુ નોંધાયું હતું. ૩૭.૮ ડીગ્રી સાથે રાજકોટ સૌથી ગરમ રહ્યું હતું. ચારથી પાંચ દિવસ રાજ્યમાં ગરમી અને બફારાનું પ્રમાણ યથાવત રહેવાની આગાહી છે.

આ સાથે હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલે પણ માવઠાની આગાહી કરી છે કે, માર્ચ મહિનામાં પણ વારંવાર વાતાવરણ પલટો આવી શકે છે. જેનું કારણ છે, બંગાળના ઉપસાગર અને અરબી સમુદ્રમાં હવાનું હળવું દબાણ સર્જાશે. જેની અસર ગુજરાતના વાતાવરણ પર જોવા મળશે. ૧૨ માર્ચ સુધી વાદળછાયું વાતાવરણ રહેશે. જેના કારણે કમોસમી વરસાદ રહેવાની શક્યતા રહેશે. ઉત્તરીય પર્વતીય વિસ્તારમાં પશ્ચિમ વીક્ષેપના કારણે બરફ વર્ષા, અને કમોસમી વરસાદ થવાનું અનુમાન છે.જેની અસર ગુજરાતના વાતાવરણ પર થશે.

હવામાન વિભાગના ડાયરેક્ટર મનોરમાં મોહન્તિએ જણાવ્યું છે કે, ઉનાળા ઋતુ શરૂઆત થતા પૂર્વાનુમાન જાહેર કરવામાં આવ્યું .જેમાં માર્ચથી લઈને મેં મહિનામાં તાપમાન કેટલું રહેશે તેને લઈને અનુમાન લગાવવામાં આવ્યું છે.ત્યારે ગુજરાતમાં ઉનાળામાં કાળઝાળ ગરમી પડશે. કારણ કે, રાત્રી અને દિવસ બંને તાપમાન સામાન્ય કરતા ઊંચું રહેવાનનું અનુમાન છે. જેના કારણે ઉનાળામાં કાળઝાળ ગરમીનો અહેસાસ થશે.ગુજરાતમાં ઉનાળાની શરૂઆત થઈ ગઈ છે. જોકે માર્ચ મહિનાની શરૂઆતમાં મહત્તમ તાપમાન ૩૫ ડીગ્રીએ પહોંચ્યું છે. હવામાન વિભાગનું કહેવું છે કે, અત્યારે તાપમાન સામાન્ય છે. માર્ચના અંત સુધીમાં સામાન્ય રીતે ૪૦ ડીગ્રી આસપાસ તાપમાન રહેતું હોય છે.

## ઈડીએ કાર્વી સ્ટોક બ્રોકિંગ કેસમાં રૂ.૧૯૮૪ કરોડની સંપત્તિ ટાંચમાં લીધી

નવીદિલ્હી,

એન્ફોર્સમેન્ટ ડિરેકટોરેટ (ઈડી)એ કાર્વી સ્ટોક બ્રોકિંગ લિમિટેડ (કેએસબીએલ)ના સીએમડી સી પાર્થસારથી અને અન્યો વિરુદ્ધની મની લોન્ડરિંગ તપાસના સંબધમાં ૧૯૮૪ કરોડ રૂપિયાની સંપત્તિ ટાંચમાં લીધી છે.

ઈડીએ એક નિવેદનમાં જણાવ્યું છે કે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટએ ૨૧૩.૬૯ કરોડ રૂપિયાના જમીનના ૧૦૨ પ્લોટ તથા કેફીન ટેકનોલોજીસમાં સી પાર્થસારથીના ૪૩૮.૭૦ કરોડના શેર તથા ૧૨૮૦ કરોડ રૂપિયાની કેડીએમએસએલ, કેએફએસએલ, એનબીએફસી અને કેએસબીએલની મિલકતો ટાંચમાં લેવામાં આવી છે.

હૈદરાબાદ પોલીસ દ્વારા દાખલ કરવામાં આવેલી એફઆઈઆર અને લોન આપનારી બેંકો દ્વારા દાખલ કરવામાં આવેલી ફરિયાદોને આધારે ઈડી દ્વારા મની લોન્ડરિંગનો કેસ દાખલ કરવામાં આવ્યો હતો.

ઈડીએ એક નિવેદનમાં જણાવ્યું છે કે કેએસબીએલ દેશમાં એક અગ્રણી સ્ટોક બ્રોકર્સ છે અને તેના ગ્રાહકોની સંખ્યા લાખોમાં છે. એનએસઈ દ્વારા ૨૦૧૯માં કાર્વીનું ઈન્સ્પેકશન કરવામાં આવ્યું ત્યારે આ કૌભાંડ સપાટી પર આવ્યું હતું.

કાર્વી સમૂહ પર આરોપ છે કે તેણે પોતાના ગ્રાહકોનો ૨૮૦૦ કરોડ રૂપિયાના શેર ગેરકાયદેસર ગિરવી રાખી બેંકો પાસેથી મોટા પાયે લોન લીધી હતી. જો કે ત્યારબાદ સેબી અને એનએસઈના આદેશ પર કાર્વીના ગ્રાહકોને તેમના શેર પરત આપવામાં આવ્યા હતાં. જેના કારણે બેંકો પાસેથી લીધેલી લોન એનપીએ બની ગઈ હતી.

એનએસઈની તપાસમાં જાણવા મળ્યું હતું કે કંપનીએ ડીપી ખાતાનો ઉલ્લેખ કર્યો ન હતો અને પોતાના ગ્રાહકોના શેરોને ગિરવી રાખી એક્ત્ર થયેલા ફંડને સ્ટોક બ્રોકર કલાયન્ટ એકાઉન્ટને બદલે પોતાના છ બેંક ખાતામાં જમા રાખ્યા હતાં.

## ભારતીય રેલવે જલદી નેપાળ, બંગલાદેશ સાથે જોડાશે



નવીદિલ્હી,

ભારત જલદી નેપાળની સાથે ટૂંક સમયમાં બે રેલવે માર્ગે જોડાશે અને બંગલાદેશની સાથે ક્નેક્ટિવિટી માટે છ રેલવે નેટવર્ક સાથે જોડાશે, એમ વિદેશ સચિવ હર્ષવર્ધન શૃંગલાએ એક અગ્રણી સંસ્થાને સંબોધતાં જણાવ્યું હતું.તેમણે કહ્યું હતું કે બંને દેશોની સાથે ભારતમાં રેલમાર્ગે જોડાણના વિસ્તરણ માટે કનેક્ટિવિટીના મહત્ત્વ પર વિચારવિમર્શ કર્યો હતો.

અમારા પડોશી દેશોના કેટલાક ભાગોમાં રસ્તા, પાણી, રેલવે અને હવાઈ માર્ગના પરિવહમ ક્ષેત્રે ક્નેક્ટિવિટીમાં સતત સુધારો થયો છે. આ દેશોની રેલવે માર્ગેના જોડાણથી દક્ષિણ એશિયાના આ દેશોની ભૂગોળ ઝડપથી સંકોચાઈ રહી છે, એમ તેમણે કહ્યું હતું.

હાલમાં ભારત અને બંગલાદેશની વચ્ચે અનેક રેલવે સંપર્ક ચાલુ છે. ભારત અને એના ત્રણ પડોશી દેશો- નેપાળ, ભૂતાન, માલદીવની વચ્ચે હવે પ્રવાસ માટે વિસાની જરૂર નહીં હોય. શ્રીલંકા અને યાંગુનમાં રાજકીય મિશન હેઠળ વિસાની સંખ્યામાં વધારો થયો છે, એમ તેમણે કહ્યું હતું. તેમણે કહ્યું હતું કે ટુરિઝમ પછી બીજો મુદ્દો વીજ ક્ષેત્ર પર અમારું ધ્યાન કેન્દ્રિત છે. ભારતીય ગ્રિડ ઊંચી ક્ષમતાના જોડાણ સાથે નેપાળ, ભૂતાન અને બંગલાદેશથી જોડાયેલો છે. પડોશી દેશોમા ટ્રાન્સ-નેશનલની આપ-લે એક વાસ્તવિકતા છે, એમ તેમણે કહ્યું હતું.

ભારત માટે પડોશી દેશોનું વિશષ મહત્ત્વ છે. આ દેશોની સાથે અમારો સંબંધ ઈતિહાસ અને સંસ્કૃતિ પર આધારિત છે.ભારત અને પડોશી દેશો દ્વારા નીતિગત પહેલ કરવામાં આવે છે, જેનો એકમેક પરપ્રભાવ પડે છે. અમારા તેમની સાથે દ્વિપક્ષી સંબંધો છે અને અમે તેમની સાથે અનેક મુદ્દે કામ કરી રહ્યા છીએ, એમ તેમણે કહ્યું હતું.

## યુદ્ધને કારણે ૧૫ દિમાં એકપણ જહાજ વેચાવા માટે ન આવ્યું

ભાવનગર,

ભાવનગરનો અલંગ ઉદ્યોગ હાલ વૈશ્વિક લેવલે જહાજના ભાવ ઉંચકાતા ફરી મુશ્કેલીમાં મુકાયો છે. યુક્રેન અને રશિયા વચ્ચે યુદ્ધની પરિસ્થિતિમાં આંતરરાષ્ટ્રીય સ્તરે રૂપિયાનું મૂલ્ય ઓછું થઈ જતાં ભાવ વધારો સહન કરવો પડે છે. ત્યારે વૈશ્વિક બજારોમાં જહાજના ભાવ ૬૮૦ ડોલર કરતા વધી જતાં પ્રતિકૂળ પરિસ્થિતિઓ માં ઘેરાયેલો અલંગ ઉદ્યોગ ફરી મુશ્કેલી અનુભવી રહ્યો છે. આંતરરાષ્ટ્રીય બજારમાં છેલ્લા ૧૫ દિવસથી એક પણ જહાજ વેચાવા માટે નથી આવ્યું, જે પણ અલંગ ઉદ્યોગ માટે માઠા સમાચાર છે. જહાજ માથી નીકળતાં સ્ક્રેપના ભાવ સ્થાનિક લેવલે વધી ગયા છે, પરંતુ મોંઘા ભાવે જહાજ ખરીદ કર્યા પછી એ ભાવ ઘટે તો ખૂબ મોટું



નુકશાન થઈ શકે છે. હાલ યુક્રેન રશિયા યુદ્ધ ના કારણે ક્રૂડના ભાવ સતત વધી રહ્યા છે અને તેના પરિવહન માટે દરિયાઈ જહાજો પર જ આધાર રાખવો પડે છે. આ વિશે શિપ રિસાઈકલિંગ ઈન્ડસ્ટ્રીઝ એસોસિયેશનના જોઈન્ટ સેક્રેટરી હરેશ પરમારે જણાવ્યુ કે, હાલ અલંગમાં નવુ જહાજ ખરીદવામાં ભારે જોખમ રહેલુ છે. કારણ કે, એકવાર મોંઘા ભાવનું જહાજ ખરીદી તો લેવાય, પણ બે મહિના પછી શિપ અલંગમાં આવે તો માર્કેટની સ્થિતિ બદલાઈ ગઈ હોય. આવામાં અમારી નુકસાનીની ટકાવારી વધી જાય છે. બીજી તરફ, યુક્રેન રશિયાના યુદ્ધને કારણે ક્રૂડના ભાવ સતત ઉંચકાયા છે. જહાજના પરિવહન માટે દરિયા પર આધાર રાખવો પડે છે. હાલ ક્રુડ ઓઈલના ભાવ ઉંચકાયા તો જહાજને લાવવાનો ખર્ચ પણ વધી જાય છે. આ કારણે હાલ પૂરતા કોઈ જહાજ અલંગમાં આવી નથી રહ્યા. છેલ્લા ૧૫ દિવસથી એકપણ જહાજ આંતરરાષ્ટ્રીય માર્કેટથી અલંગમાં પહોંચ્યુ નથી. તેથી અલંગનુ માર્કેટ પણ યુદ્ધની સ્થિતિ થાળે પડે તેની રાહ જોઈ રહ્યુ છે. જોકે, આ સ્થિતિ ક્યારેય સુધરે તેની કોઈ માહિતી નથી. માર્કેટ ત્યા સુધી અનિશ્ચિત રહેશે.

## ગુજરાતમાં સરકારે કોરોનાકાળમાં માસ્કના દંડ પેટે રૂ. ૨૫૦ કરોડ વસૂલ્યા

ગાંધીનગર,

કોરોના મહામારીથી બચવા માટે સરકારે સમગ્ર રાજ્ય અને દેશમાં માસ્ક ફરજિયાત કર્યું હતુ. ગુજરાતમાં કોરોનાના આ બે વર્ષના કપરાકાળમાં માસ્ક ન પહેરવા પર ૨૫૦ કરોડનો દંડ વસૂલાયો છે.

વિધાનસભામાં કોંગ્રેસના સભ્યના પ્રશ્નના જવાબમાં ગૃહમંત્રીએ જણાવ્યું હતું કે પોલીસે બે વર્ષમાં ૨૪૯ કરોડ ૯૦ લાખ ૬૧ હજાર ૨૦ રુપિયાનો દંડ વસૂલ્યો છે. રાજ્યમાં છેલ્લા બે વર્ષમાં માસ્ક પહેરવાના નિયમનો ભંગ કરનાર ૩૬,૨૬,૫૭૨ વ્યક્તિઓ પાસેથી આ ૨૫૦ કરોડનો દંડ ઉઘરાવવામાં આવ્યો છે.

આ સિવાય ગૃહ વિભાગે વિધાનસભામાં એક લેખિત જવાબમાં કહ્યું કે સ્થળ પર દંડ ન ભરનાર ૫૨,૯૦૭ વ્યક્તિઓ સામે ગુનો પણ નોંધવામાં આવ્યો છે. સંભવિત રીતે રાજ્યમાં સૌથી વધારે દંડ અમદાવાદવાસીઓએ ભર્યો છે. સૌથી વધુ ૭ લાખ ૭૩ હજાર ૯૩૮ અમદાવાદ જીલ્લાના લોકો માસ્ક ન પહેરવા બદલ દંડાયા છે. માસ્ક ન પહેરીને અમદાવાદવાસીઓએ કુલ ૫૯,૮૫.૭૪,૬૫૦ રુપિયા દંડ ભર્યો છે.

## સરકારે રેલ્વેમાં મુસાફરી કરતા મુસાફરોને મોટી રાહત આપી

નવીદિલ્હી,

કોરોના રોગચાળાને કારણે સરકાર દ્વારા છેલ્લા બે વર્ષથી લગાવવામાં આવેલા નિયંત્રણો ધીમે ધીમે પાછા ખેંચવામાં આવી રહ્યા છે. તાજેતરમાં, આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સને મંજૂરી આપ્યા પછી, સરકારે રેલ્વેમાં મુસાફરી કરતા મુસાફરોને મોટી રાહત આપી છે. ગુરુવારે રેલ્વેએ ટ્રેનની અંદર લિનન, ધાબળા અને પડદા આપવાનો આદેશ જારી કર્યો છે. રેલ્વેએ બે વર્ષ પહેલા કોરોના રોગચાળાને કારણે તમામ પ્રતિબંધો લાગુ કર્યા હતા. આ અંતર્ગત ટ્રેનમાં મુસાફરોને મળેલા ધાબળાનો પણ સમાવેશ કરવામાં આવ્યો હતો. હવે રેલવેએ આ પ્રતિબંધો હટાવવાના આદેશ આપ્યા છે. રેલવે બોર્ડે તમામ રેલવે ઝોનના જનરલ મેનેજરોને જારી કરેલા આદેશમાં જણાવ્યુંછે કે, આ વસ્તુઓનો સપ્લાય તાત્કાલિક અસરથી ફરી શરૂ થશે. રાષ્ટ્રીય પરિવહનકર્તા, જેણે ખોરાક સહિત મોટાભાગની છૂટ આપવાની સેવાને સ્થગિત કરી દીધી હતી, તેણે મોટાભાગની સુવિધાઓ ફરી શરૂ કરી છે. જ્યારે ખોરાક સેવા પુનઃસ્થાપિત કરવામાં આવી છે, મુસાફરો માટે બાકીની રાહતો હજુ પણ સ્થગિત છે.





# મહિસાગર આવૃત્તિ

લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર




તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

**સંતરામપુર નગરના બીજેપી કાર્યાલય પર ચાર રાજ્યોમાં ભારતીય જનતા પાર્ટીની બહુમતીથી ભવ્ય વિજય થતાં સંતરામપુર ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓ હોદ્દેદારો ફટાકડા ફોડી વિજય ઉત્સવ મનાવ્યો.**




**મહિસાગર જિલ્લા શિક્ષણ સમિતિ સંચાલિત સંતરામપુર તાલુકાની પાદરી ફળીયા પગાર કેન્દ્રની મને ગમતી શાળા, નરસિંગપુર મુખ્ય પ્રાથમિક શાળામાં વિશ્વ મહિલા દિવસની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી.**

## પાંચ રાજ્યોમાં બીજેપીના વિજય થતાં દાહોદ બીજેપી દ્વારા વિજયોત્સવ ઉજવ્યો



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

૫ રાજ્યોની વિધાનસભાની ચૂંટણીમાં ૪ રાજ્યમાં ભાજપનો ભવ્ય વિજય થયો છે. દાહોદ તાલુકા ભાજપનો વિજયોત્સવનો કાર્યક્રમ ભારતિય જનતા પાર્ટીના સૌ કાર્યકર્તાઓ દાહોદ તાલુકા પંચાયત ખાતે તથા ક્તવારા ખાતે મોટી સંખ્યામાં કરવામાં આવ્યુ. જેમાં સાંસદ જસવંતસિંહ ભાભોર કાર્યકરોને મીઠાઈ ખવડાવી મોઢુંમીઠું કરાવ્યું. ઝોનમહામંત્રી કનૈયાલાલ કીશોરી, જિલ્લા સભ્યો, તાલુકા સભ્યો, સરપંચો ભાજપ સંગઠનના તાલુકાના હોદ્દેદારો આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા. ડોલ વગાડી ફટાકડા ફોડી અને મીઠાઈ વહેચી વિજય ઉત્સવની ઉજવણી કરવામાં આવી.



**દાહોદ શહેરમાં પંજાબમાં આપ પાર્ટીની જીતને લઈ દાહોદના મડાવ રોડ આવેલ આપ પાર્ટીના કાર્યાલય થી એક વિજય સરઘસ કાઢવામાં આવ્યું હતું. આદિવાસીના ઢોલ પર નાચતા નગર પાલિકા ચોકમાં દિલ્લી, પંજાબ હમારી હૈ અબ ગુજરાત કી બારી હૈ ના નારા લગાવ્યા હતા અને મીઠાઈ ખવડાવી એક બીજાના મો મીઠા કર્યા હતા.**


## જાહેર નોટીસ

### શહેરા નગરપાલિકા, જી.પંચમહાલ

મુખ્ય અધિકારી, નગરપાલિકા શહેરા, જી.પંચમહલ દ્વારા નગરપાલિકાના મિલ્કત ધારકોને જણાવવાનું જે મિલ્કતો શહેરા નગરપાલિકાના આકારણી રજીસ્ટર પર નોંધાયેલ છે. જેમાં મિલ્કતોની યાદી શહેરા નગરપાલિકાના નોટીસ બોર્ડ પર તથા મામલતદાર કચેરી શહેરાના નોટીસ બોર્ડ પર પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. જે મિલ્કત ધારકોનો સ્થળ તપાસ કરતા મિલ્કતોની વિગતો સ્થળ પર મળી આવેલ નથી. તો આ બાબતે જે કોઈ મિલ્કત ધારકોને લાગતા વળગતા મિલ્કત ધારકોએ દિન–૧૫ માં શહેરા નગરપાલિકાની કચેરીએ ઓફીસ કામકાજના સમય દરમ્યાન સંપર્ક કરી યોગ્ય નિકાલ કરી જવો નહી તો આ બાબતે નગરપાલિકા શહેરા દ્વારા સદર મિલ્કતો નગરપાલિકાના આકારણી રજીસ્ટર પર થી દૂર કરવામાં આવશે. તથા આકારણી રજીસ્ટર પરથી રદ કરેલ મિલ્કતોને સમયમર્યાદા પછી થાને લેવામાં આવશે નહીં. સદર મિલ્કતોની યાદી શહેરા નગરપાલિકાના નોટીસ બોર્ડ પર તથા મામલતદાર કચેરી શહેરાના નોટીસ બોર્ડ પર પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. તથા જે મિલ્કત ધારકોએ પોતાની મિલ્કતો નગરપાલિકા આકારણી પર ટ્રાન્સફર કરેલ ન હોઈ તો દિન–૧૫ માં મિલ્કત ટ્રાન્સફર કરાવવા જરૂરી આધાર પુરાવા સહ સાથે ઓફીસ કામકાજના સમય દરમ્યાન સંપર્ક કરવા જણાવવામાં આવે છે. તથા જે મિલ્કત ધારકોના મિલ્કત વેરા બાકી હોય તેઓએ તા.૩૧/૦૩/૨૦૨૨ સુધી ભરપાઈ કરવા જણાવવામાં આવે છે.

સ્થળ :– શહેરા

તારીખ : ૧૦/૦૩/૨૦૨૨

(આર.સી. સોલંકી) ચીફ ઓફીસર નગરપાલિકા શહેરા

(વી.જી. પંચાલ) આરોબારી અધ્યક્ષ નગરપાલિકા શહેરા

(યુ.એન. નાયકા) પ્રમુખ નગરપાલિકા શહેરા

માહિતી/ગોધરા/૧૦૧૬/૨૦૨૨


## પંજાબમાં વિજય થતાં મહિસાગર આપ પાર્ટી દ્વારા વિજયોત્સવ મનાવ્યો



તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

લુણાવાડા,

આજરોજ આમ આદમી પાર્ટી મહીસાગર દ્વારા પંજાબમાં મળેલ સ્પષ્ટ બહુમતી અને જનતાના આશીર્વાદને વધાવી મહીસાગર ટીમ દ્વારા ફટાકડા ફોડી, ઢોલ નગારા વગાડી, મીઠાઈઓ વહેંચી જીતની ઉજવણી કરવામાં આવી. આમ આદમી પાર્ટીને ૧૧૭ માંથી કુલ ૯૨ સીટ ઉપર પર પ્રચંડ જીત મળી હતી.

આ પ્રસંગે જિલ્લા પ્રમુખ પ્રશાંતભાઈ ગુર્જર, જિલ્લાના સંગઠન મહામંત્રી હિરેનભાઈ શ્રીમાળી, મહામંત્રી રાજેન્દ્રસિંહ સોલંકી, સંગઠન મંત્રી પર્વત ભાઈ, લઘુમતી પ્રમુખ આમિર મલેક, કિસાન મોરચા પ્રમુખ સોમાભાઈ, લુણાવાડા વિધાનસભા પ્રભારી ગણપત ભાઈ, તાલુકા પ્રમુખ નટવરસિંહ સોલંકી, ખાનપુર તાલુકા પ્રમુખ અરવિંદભાઈ હાજર રહ્યા હતા.

## સંજેલીમાં માથાભારે તત્વો દ્વારા દબાણ કરતાં કામ અટવાઈ



તસ્વીર : સંજય કલાલ, ફતેપુરા

સંજેલી,

સંજેલીમાં હાલ ચાલી ફળિયામાં ગટર લાઈન તેમજ રસ્તાનું કામ કાજ છેલ્લા ૩ માસ થી ચાલી રહ્યું છે પણ ચાલી ફળિયા માં માથાભારે તત્વો દ્વારા દબાણ કરતા રસ્તા તેમજ ગટર ની કામગીરી બંધ હતી. જે પૂરતા માપ પ્રમાણે થતું ના હોવાના કારણે અને MGVCLના થાંભલા ગટર ની વચ્ચે રાખવામાં આવ્યા છે. સ્થાનિકો દ્વારા રસ્તા પર અંદાજે ૧૦ ફૂટ જેટલું દબાણ કરવામાં આવેલ છે અને કોન્ટ્રાકટર દ્વારા તેઓ ની રહેમ નજર રાખીને એક બાજુ જગ્યા વધારે છોડીને ગટર લાઈન બનાવવામાં આવી છે અને સામે ની બાજુ પર લોકોના ઘરના ઓટલા તોડીને ગટર બનાવવા માં આવતા ચાલી ફળિયાના રહેવાસી પંકજકુમાર કાંતિલાલ શાહ દ્વારા માર્ગ અને મકાન વિભાગ જિલ્લા પંચાયત દાહોદને લેખિત અરજી દ્વારા જાણ કરી છે કે રસ્તો માપ પ્રમાણે બનાવવામાં આવે અને સ્થાનિકો દ્વારા રસ્તામાં જે દબાણ કરવામાં આવેલ છે તે ખુલ્લું કરવામાં આવે અને પ્રમાણિત નકશાને આધારે રસ્તા પર થયેલ દબાણ હટાવવામાં આવે અને રેકર્ડ મુજબ માપણી કરી દબાણ હટાવી રસ્તો તેમજ ગટર લાઈન બનાવવામાં આવે તેમ જણાવ્યું હતું. તેથી તેઓની અરજીને ધ્યાને લઈને સંજેલી મામલતદાર પી.આઈ. પટેલ, ટીડીઓ એસ.કે. ગાવિત, પી.એસ.આઈ. જી.બી. રાઠવા, સરપંચ મનાભાઈ તેમજ પંચાયત ના સભ્યો તેમજ તાલુકા પંચાયત સ્ટાફ તથા સ્થાનિકો હાજર રહ્યા હતા. સ્થાનિકો અને તંત્ર દ્વારા જૂના માપ પ્રમાણે માપણી કરવામાં આવી હતી અને સર્વાનુમતે દબાણ હટાવવા ખાતરી આપી હતી. અને શાક માર્કેટ ની આજુબાજુ નું દબાણ હટાવવા રજુઆત કરવામાં આવી હતી.

## દાહોદ જિલ્લામાં આગામી તા. ૨૮ માર્ચથી ૧૨ એપ્રીલ દરમ્યાન યોજાનારી ધોરણ ૧૦-૧૨ ની પરીક્ષાઓ સુચારૂરીતે યોજાય તે માટે બેઠક યોજાઇ



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ જિલ્લામાં ધોરણ ૧૦ અને ૧૨ માટેની પરીક્ષાના આયોજન બાબતે જિલ્લા સેવા સદન દાહોદ ખાતે નિવાસી અધિક કલેક્ટર એ.બી. પાંડોરની અધ્યક્ષતામાં સમીક્ષા બેઠક યોજાઇ હતી. આ પરીક્ષા આગામી તા. ૨૮ માર્ચથી ૧૨ એપ્રીલ દરમ્યાન જિલ્લાના ૫૫ પરીક્ષા કેન્દ્રો ખાતે યોજાશે. જેમાં જિલ્લાના ધોરણ ૧૦ નાં ૩૬૨૧૦ તેમજ ધોરણ ૧૨ નાં સામાન્ય પ્રવાહના ૧૫૦૬૦ તેમજ વિજ્ઞાન પ્રવાહના ૨૬૬૭ વિદ્યાર્થીઓ એમ કુલ ૫૩૯૩૭ જેટલા વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે એમ જિલ્લા શિક્ષણાધિકારી કાજલબેન દવેએ માહિતી આપતા જણાવ્યું હતું.

જિલ્લામાં ધોરણ ૧૦ અને ૧૨ ની પરીક્ષાઓ તમામ કેન્દ્રો પર શાંત માહોલમાં યોજાય તે માટેની તમામ સજ્ઞતા રાખવામાં આવી છે. સંવેદનશીલ પરીક્ષા કેન્દ્રો ઉપર આ માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત પણ રાખવામાં આવશે. પરીક્ષા પારદર્શક રીતે યોજાય તે માટે તમામ પરીક્ષા કેન્દ્રો ખાતે સીસીટીવીની વ્યવસ્થા કરવામાં આવી છે. તેમજ વિદ્યાર્થીઓને કોઈ પણ પ્રકારની અસુવિધા ન થાય તેની ખાસ કાળજી રાખવામાં આવી છે. બેઠકમાં જિલ્લા સ્થાયી પરીક્ષા સમિતિના સભ્યઓ તેમજ અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

## દાહોદના ચોસાલા ગામે સ્ટેટ વિજીલન્સ ટીમએ ૧૦ ફોર વ્હીલ માંથી ૪૪.૫૦ લાખના ઈંગ્લીશ દારૂ ઝડપ્યો



ગુજરાતના ગૃહમંત્રીના આદેશમાં ગુજરાતમાં ચુસ્ત દારૂબંધીનું અમલ કરવાનું કહ્યું છે, પરંતુ મધ્યપ્રદેશ અને રાજસ્થાનની સરહદે આવેલ દાહોદ જિલ્લામાં જાણે દારૂબંધીનું કોઈ અમલીકરણ થતું ન હોવાનું પ્રતિત થઈ રહ્યું છે. ગાંધીનગરની સ્ટેટ વીજીલન્સની ટીમને ગાંધીનગરથી દોડી દાહોદ જિલ્લામાં રેડો પાડવા હરહંમેશ આવવું પડે છે અને દાહોદ જિલ્લાની સ્થાનીક પોલીસ હરહંમેશની માફક ઉંઘતી ઝડપાઈ રહી છે. ત્યારે સમગ્ર મામલે દાહોદ જિલ્લા પોલીસની કામગીરી ઉપર પણ અનેક સવાલો ઉભા થવા માંડ્યાં છે. અગાઉ થોડા સમય પહેલા દાહોદ શહેરના ઘાંચીવાડ વિસ્તાર ખાતે પણ મસમોટા જુગાર ધામ પર ગાંધીનગરની સ્ટેટ વીજીલન્સની ટીમે દરોડો પાડી મસમોટા જુગારના અડ્ડા પર છાપો મારતાં તે સમયે પણ સ્થાનીક પોલીસ ઉંઘતી ઝડપાઈ હતી અને તેમાં માત્ર એક પોલીસ કર્મચારીને સસ્પેન્ડ કરી સંતોષ માન્યો હતો ત્યારે શું આ રેડમાં પણ આવુ જ થશે? કે કોઈ કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવશે તે જોવાનું રહ્યું?

દાહોદ રાજસ્થાન અને મધ્ય પ્રદેશ ની બોર્ડર પર આવેલ હોઈ વિદેશી દારૂ નો વેપલો અહી થી પસાર થાય છે અને જો આજના ડિજીટલ યુગમાં એલ સી બી પોલીસે એસ.ઓ.જી પોલીસને તમામ માહિતી હોવી જોઈએ પણ શું આ દાહોદ પોલીસ આંખ આડા કાન કરતા હોય તેવું પ્રતીત થાય છે. દાહોદ શહેરમાં પણ વિદેશી દારૂનો વેપલો મોટા પાયે ચાલી રહ્યો છે પરંતુ ફક્ત ફોરમાંલીટી કરતી આ પોલીસ જ્યારે કામગીરીના કરતી હોય જેને લઈ ગાંધીનગર થી વિજિલન્સ આવી રેડ કરી મોટા પાયે દાહોદ માથી વિદેશી દારૂ જુગાર પકડતી હોય તો શું સમજવું... આમ, દાહોદ પોલીસ પર અનેક સવાલો ઉભા થાય છે.

દાહોદ,

દાહોદ તાલુકાના ચોસાલા ગામ તરફથી ગાંધીનગરની સ્ટેટ વિજીલન્સની ટીમને મળેલ બાતમીના આધારે એકસાથે ૧૦ ફોર વ્હીલર વાહનોમાંથી રૂ.૪૪,૫૦,૧૪૦ના પ્રોહી જથ્થો મળી ૧૦ વાહનો, મોબાઈલ ફોન, રોકડા રૂપીયા વિગેરે મળી કુલ રૂ. ૭૯,૫૭,૬૪૦નો મુદ્દામાલ ઝડપી પાડતાં દાહોદ જિલ્લામાં પ્રોહીના આ બનાવને પગલે ભળભળાટ મચી જવા પામ્યો છે. આટલી મોટી માત્રામાં વિદેશી દારૂનો જથ્થો ઝડપી પડાતાં જિલ્લાના બુટલેગરો સહિત વિદેશી દારૂની હેરાફેરી કરતાં તત્વોમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે. ત્યારે બીજી તરફ આટલી મોટી માત્રામાં વિદેશી દારૂનો જથ્થો કોણે મંગાવ્યો હશે અને કોની પાસેથી લાવવામાં આવ્યો હશે? જેવી અનેક ચર્ચાઓ ભારે જોર પકડ્યું છે. સમગ્ર મામલે પોલીસે ૧૧ વોન્ટેડ ઈસમો ઈસમો વિરૂધ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ગતરોજ ગાંધીનગરની સ્ટેટ વિજીલન્સની ટીમને મળેલ બાતમીના આધારે દાહોદ તાલુકાના ખરોડ ગામની સીમમાં ચોસાલા ગામથી ડોકી ગામ જવાના રસ્તા પર કાલીનદી પસાર કરી ડોકી ગામ તરફ પોલીસની ટીમને મળેલ બાતમીના આધારે સ્થળ પર વોચ ગોઠવી ઉભા હતા. તે સમયે ત્યાંથી બાતમીમાં દર્શાવેલ એકસાથે ૧૦ ફોર વ્હીલર વાહનો નીકળતાં પોલીસ સાબદી બની હતી અને નજીક આવતાંની સાથે વાહનોને ચારેય તરફથી ઘેરી લીધાં હતાં. પોલીસે વાહનોની તલાસી લેતાં પોલીસ ચોકી ઉઠી હતી. ૧૦ વાહનોમાં છલોછલ વિદેશી દારૂની પેટીઓ ભરેલી જોઈ પોલીસે તમામ વાહનોની લઈ દાહોદ પોલીસ મથકે આવી પહોંચી હતી. જ્યાં ગણતરી કરતાં ૪૨,૧૪૭ નંગ વિદેશી દારૂની બ્રાન્ડેડ બોટલો જેની કુલ કિંમત રૂ. ૪૪,૫૦,૧૪૦ સાથે સાથે ૦૫ મોબાઈલ ફોન કિંમત રૂ. ૨,૫૦૦, ૧૦ વાહનોની કિંમત રૂ.૩૫,૦૦,૦૦૦ રોકડા રૂપીયા ૫,૦૦૦ મળી પોલીસે કુલ રૂ. ૭૯,૫૭,૬૪૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

આ સંબંધે પોલીસે આ પ્રોહી બનાવમાં વોન્ટેડ એવા ૧૧ ઈસમો જેમાં સનુ મડીયા પલાસ ઉર્ફે સનુ માતવા, મહેશ પીઠા બારીયા ઉર્ફે મહેશ ડુંગરા, અલ્કેશ છત્રસિંહ બાકલીયા, જોરસીંગ વેસ્તા મીનામા, મુકેશ કેસર પટેલ, મુકેશ ગટ્ટી પલાસ, રાકેશ માવી, અમરો ડામોર, મનહર મીનામા, દુલીયો મીનામા, મહેશ રમેશની વિરૂધ્ધ ગાંધીનગરની સ્ટેટ વીજીલન્સ ટીમે દાહોદ તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે તમામ વિરૂધ્ધ પ્રોહીનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## દાહોદના ગડી વિસ્તારના ઐતિહાસીક દરવાજો નમી જતાં બંધ કરાયેલ માર્ગ પુનઃ શરૂ કરાયો



દાહોદ,

દાહોદ શહેરમાં ગડી વિસ્તારમાં આવેલ ઐતિહાસિક દરવાજો નમી જતાં કોઈ ઘટના ન સર્જાય તે માટે છેલ્લા કેટલાંય દિવસો આ ગડી તરફનો રસ્તા બંધ કરી દેવામાં આવ્યો હતો. ત્યારે આજથી આ ગડીનો રસ્તો પુનઃ શરૂ કરી દેવાતાં લોકોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. ગડીનો રસ્તા પુનઃ શરૂ થતાં આ વિસ્તારમાં થતાં ટ્રાફિકનું ભારણ પણ ઓછુ થયું હતું.

દાહોદ શહેરમાં આવેલ ઐતિહાસિક ગડીના કિલ્લા તરફનો માર્ગ કેટલાંક દિવસો પુર્વ બંધ કરી દેવામાં આવ્યો હતો. જેનું મુખ્ય કારણ એ હતું કે, આ દરવાજો પૈકી એક દરવાજો ઝુકી ગયો હતો. જેને પગલે અકસ્માતનો ભય પણ સતાવી રહ્યો હતો માટે સંલગ્ન તંત્ર દ્વારા આ રસ્તાની આગળ પતરા ઢોકી રસ્તા બંધ કરી દેવામાં આવ્યો હતો. રસ્તો બંધ થતાં લોકોને લાંબુ અંતર કાપી બીજા સ્થળે પહોંચવું પડતું હતું અને ટ્રાફિકની સમસ્યા પણ સર્જાતી હતી. ખાસ કરીને આ વિસ્તારમાં આવતી સરકારી કચેરીઓમાં કર્મચારીઓને અને લોકો કામકાજ માટે અવર જવરમાં માટે પણ ભારે મુશ્કેલીનો સામનો કરવો પડતો હતો. ત્યારે આ ગડીનો રસ્તા આજે તંત્ર દ્વારા પુનઃ શરૂ કરવામાં આવતાં લોકોને અવર જવરમાં રાહત મળી હતી.

## પ્રકૃતિ મિત્ર મંડળ, દાહોદ દ્વારા દાહોદવાસીઓને ઈકો ફ્રેન્ડલી હોળી રચવાની ટહેલ કરાઈ



દાહોદ,

આપ સૌને વિદિત છે જ કે પાછલા કેટલાય વર્ષોથી સતત જંગલ અને વૃક્ષોના પ્રમાણમાં થઈ રહેલા ઘટાડાના કારણે પર્યાવરણની સમતુલા ગંભીર રીતે જોખમાઈ છે. વૃક્ષોની કાપવાની પ્રવૃત્તિમાં થઈ રહેલા વધારાને કારણે તથા પર્યાવરણ પ્રત્યે સંવેદનહિન વર્તનના કારણે પ્રદૂષણ, ગરમીમાં વધારો ઈત્યાદિ જોખમો વધી રહેલા છે. સમયાંતરે વધી રહેલી આ સમસ્યાઓનો એક ઉપાય નવા વૃક્ષોનો ઉછેર અને હયાત વૃક્ષોનો બચાવ છે. આના ભાગરૂપે હોળીના તહેવારની ઉજવણીમાં /ધાર્મિક પરંપરામાં હોળી પ્રગટાવવમાં વૃક્ષોનો/લાકડાનો ઉપયોગ તેમાં ન થાય તે હિતાવહ છે. વૈદિક હોળી એ આનો એક નવતર ઉકેલ છે. પ્રકૃતિ મિત્ર મંડળ દાહોદ એ પાછલા કેટલાય વર્ષોથી આના માટે સક્રિય છે અને જાગૃતિ લાવવા પ્રયત્નશીલ છે. તેના ભાગરૂપે પાછલા વર્ષે ઓપન ટેબ્લો દ્વારા લોકોને કેવી રીતે વૈદિક હોળી બનાવવી તે દર્શાવવામાં આવ્યું હતું. આ વર્ષે પણ દાહોદ અને દાહોદની આસપાસના વિસ્તારમાં વૈદિક હોળી જ પ્રગટે તે માટે અને તેને લગતી જાગૃતિના અભિયાનરૂપે આવનારા ૨ (બે)દિવસ દરમ્યાન દાહોદ શહેર અને આસપાસના વિસ્તારમાં ઓપન ટેબ્લો સ્વરૂપે વૈદિક હોળી ફેરવવામાં આવશે. તો આ લોકજાગૃતિ અને પર્યાવરણને બચાવવાના આ નાનકડા પ્રયાસમાં સૌ સહભાગી બનશો તેવી આશા છે.

## આપની આજ.......

મેષ : આજનો દિવસ તમને શુભ ફળ આપવાનો છે અને તમને આજે ફાયદાકારક પરિણામો મળશે. ધંધામાં જોખમ લેવાનું આજે ફાયદાકારક રહેશે.

વૃષભ : આજે તમને નોકરી અને ધંધાકીય બાબતમાં પણ સફળતા મળી શકે છે. આજે સાંજના પાંચ વાગ્યા સુધીમાં ખાસ ડીલ ફાઈનલ થઈ શકે છે. સરકાર તરફથી વિશેષ સન્માન મળી શકે છે.

મિથુન : આજનો દિવસ ખૂબ વ્યસ્ત રહેવાનો છે. ધર્મ પ્રત્યે તમારી રુચિ ખૂબ વધી જશે. આ વ્યસ્તતામાં ભણવામાં થોડો સમય કાઢવો સારો રહેશે. ક્ષેત્રના વરિષ્ઠ અધિકારીઓ તમારા કામમાં વિક્ષેપ પાડવાનો પ્રયાસ કરશે.

કર્ક : આજનો દિવસ તમારા સ્વાસ્થ્ય માટે સજાગ રહેવાનો છે. હવામાનના બદલાવથી સમશીતોષ્ણુ વિકાર ઊભા થઈ શકે છે. ખોરાકમાં બેદરકારી ના રાખવી. બહાર જતા પહેલાં બધી મહત્વપૂર્ણ બાબતોનું ધ્યાન રાખો અને નિયમોનું પાલન કરો. ધંધાની દ્રષ્ટિએ દિવસ આનંદદાયક રહેશે.

સિંહ : આજનો દિવસ તમારા માટે શુભ છે અને આજે તમારું મન નવી યોજનાઓ કરવા માટે તૈયાર રહેશે. કોઈ મંદિર મુલાકાત લેવાનું વિચારી શકો છો, કાયદાકીય વિવાદમાં સફળતાની સંભાવના છે અને સ્થાળાંતરણની યોજના સફળ થઈ શકે છે.

કન્યા : આજનો દિવસ તમારા માટે દરેક બાબતમાં સાવધ રહેવાનો છે. સંયમ અને સાવધાની રાખવી. આજુબાજુના લોકો સાથે કોઈ મુકાબલો ના થાય તો સારું. કોઈ શુભ કાર્યની ચર્ચા થઈ શકે છે.

તુલા : આજનો દિવસ ખૂબ સર્જનાત્મક છે. તમે કોઈપણ રચનાત્મક અને કલાત્મક કાર્ય પૂર્ણ કરવામાં દિવસો વિતાવી શકો છો. તમને આજે સૌથી વધુ ગમતું કામ કરવા મળશે અને તમે તેમાં સારું પ્રદર્શન કરી શકશો. આજે તમે થોડો સમય આરામ કરવા માટે સક્ષમ હશો.

વૃશ્ચિક : આજનો દિવસ લાભકારી સાબિત થઈ શકે છે. કાર્ય વર્તનથી સંબંધિત તમામ વિવાદો આજે ઉકેલી શકાય છે. નવા પ્રોજેક્ટ પર પણ કેટલાક કામ શરૂ થઈ શકે છે.

ધનુ : આજે દરેક બાબતે ખાસ કાળજીથી સંભાળવાની જરૂર છે. ધંધાના કિસ્સામાં જો તમે થોડું જોખમ લેશો તો મોટો ફાયદો થવાની આશા છે. જો તમે રોજિંદા કાર્યો ઉપરાંત કેટલાક નવા કાર્યનો પ્રયાસ કરશો તો તમને ફાયદો થશે.

મકર : આજનો દિવસ ખૂબ જ શુભ દિવસ છે અને તમને સારા પરિણામ મળશે. આજનો દિવસ બીજાને મદદ કરવાનો રહેશે. તમને નજીકના ભવિષ્યમાં પરિણામ પણ મળશે.

કુંભ : આજનો દિવસ ઉત્તમ બની શકે છે. આજીવિકાની દ્રષ્ટિએ આજે તમને સફળતા મળશે. દિવસ દરમિયાન લાભની તકો મળશે, તેથી સાવચેત રહો. પરિવારમાં સુખ, શાંતિ અને સ્થિરતાનો આનંદ માણો.

મીન : આજનો દિવસ સામાન્ય છે. પરિવાર સાથે ઘરે રહો અને સુરક્ષિત રહો. ખૂબ જ મહત્વપૂર્ણ કામ હોય તો જ બહાર જાઓ. ભાગીદારીમાં વેપાર કરવાથી ઘણો ફાયદો થશે.

આઝાદી નો અમૃત મહોત્સવ

ગુજરાત સરકાર

ઈ-ગ્રામ

પંચાયતી રાજ મંત્રાલય ભારત સરકાર



ભારતના યશસ્વી વડાપ્રધાન

# શ્રી નરેન્દ્રભાઈ મોદીની

ઉપસ્થિતિમાં

# ગુજરાત પંચાયત મહાસંમેલન

જિલ્લા અને તાલુકા પંચાયતના તમામ પ્રમુખશ્રીઓ તેમજ સભ્યશ્રીઓ તથા
ગ્રામ પંચાયતના તમામ સરપંચશ્રીઓ તેમજ સભ્યશ્રીઓ સાથે સીધો સંવાદ

"આપણું ગામ, આપણું ગૌરવ"

તારીખ: ૧૧-૦૩-૨૦૨૨ | સમય: બપોરે ૩:૦૦ વાગે | સ્થળ: GMDC ગ્રાઉન્ડ, અમદાવાદ








પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, ગુજરાત રાજ્ય

# ગોધરા નગર પાલિકા વિસ્તારમાં સાફસફાઈના અભાવે મચ્છરોનો ઉપદ્રવ વધ્યો





ગોધરા,

ગોધરા નગરપાલિકા દ્વારા શહેરીજનો પાસેથી વસૂલવામાં આવતા વેરામાં ૪૦% જેટલો વેરામાં વધારો ઝીકવામાં આવ્યો છે. તો બીજી તરફ પાલિકા દ્વારા શહેરમાં સાફસફાઈનો ખૂબ જ અભાવ જોવા મળી રહ્યો છે. જેને લઈને શહેરમા મચ્છરોનો ઉપદ્રવ વધ્યો છે. તો સાથે સાથે રોગચાળો પણ વધુ વકર્યો હોવાનું સામે આવ્યું છે.

પંચમહાલ જિલ્લાના મુખ્ય મથક ગોધરા શહેરમા મોટાભાગના વિસ્તારોમાં ગંદકીના દ્રશ્યો જોવા મળી રહ્યા છે. ગોધરા નગરપાલિકા દ્વારા વિવિધ રહેણાક વિસ્તારોમાં ગંદકીની સાફ સફાઈ કરવામાં આવતી નથી. જેને લઈને શહેરમા ઠેર ઠેર ગંદકીનું સામ્રાજ્ય જોવા મળી રહ્યું છે.

ગોધરા શહેરના મન્સૂરી સોસાયટી, ગુલશન સોસાયટી, તેમજ ભૂરાવાવ વિસ્તારમાં આવેલ વિવિધ સોસાયટી વિસ્તારોમાં હાલ ઠેર ઠેર ગંદકીના ઢગ જોવા મળી રહ્યા છે. પાલિકા દ્વારા વિવિધ સોસાયટી વિસ્તારોમાં મૂકવામાં આવેલા કચરા કન્ટેઈનરો કચરાથી ઉભરાઈ ગયા હોવા છ્તાપણ તેની સાફસફાઈ કરવામાં આવતી નથી. પાલિકા દ્વારા ગંદકીની સાફસફાઈના અભાવે શહેરમાં મચ્છરોનો ખૂબ જ મોટા પ્રમાણમા ઉપદ્રવ જોવા મળી રહ્યો છે. જેને લઈને રોગચાળો પણ વકર્યો છે. ગોધરા શહેરના ભુરાવાવ વિસ્તારમાંથી છેલ્લા ૧૫ દિવસમાં ગુલિયન બારી સિન્ડ્રોમ ના ૨૦ ઉપરાંત કેસો મળી આવ્યા છે. જેમાંથી સરકારી ચોપડે ૧ નું મોત પણ નોંધાયું છે. જયારે બિન સત્તાવાર રીતે આજ રોગથી ૪ વ્યક્તિઓના મોત થયા હોવાનું સામે આવ્યું છે. છતાંપણ પાલિકા દ્વારા ગંદકીની સાફ સફાઈ માટે ખાસ કોઈ જ કાર્યવાહી કરવામાં આવતી નથી. ત્યારે શહેરીજનો માંગ કરી રહ્યા છે કે, પાલિકા દ્વારા એક તરફ સફાઈવેરામાં ૪૦% જેટલો વધારો કરવામાં આવ્યો છે,જલ છતાં પણ પાલિકા દ્વારા સાફસફાઈ કરવામાં આવતી નથી. જેથી કરી પાલિકા દ્વારા સાફસફાઈ નિયમિતપણે કરવામાં આવે તેવી સ્થાનિકો માંગ કરી રહ્યા છે. સમગ્ર બાબતે પાલિકાના પ્રમુખના મતે હાલમાં પાલિકા પાસે જેટલો સફાઈનો સ્ટાફ છે. તેના આધારે સફાઈ કામગીરી કરવામાં આવી જ રહી છે અને ખાસ કરીને આ રોગચાળો જે વિસ્તારોમાં વધારે છે તે વિસ્તારોમાં પણ સફાઈની કામગીરી કરવામાં આવી રહી છે. ત્યારે પાલિકા પ્રમુખના દાવા અને શહેરમાં જોવા મળતા ગંદકીના દ્રશ્યો કઈંક અલગ જ છે.

## પંચમહાલ જીલ્લાની ૪૦૦ થી વધુ ગ્રામ પંચાયતના સરપંચો અને વોર્ડ સભ્યો ગુજરાત પંચાયત મહાસંમેલનમાં હાજર રહેવા ૧૦૦ એસ.ટી. બસ ફળવાઈ

ગોધરા,

ગોધરા, મોરવા હડફ સહિત જિલ્લાના ગ્રામીણ વિસ્તારમાં આવેલ ૪૦૦ થી વધુ ગ્રામ પંચાયતના સરપંચો તેમજ વોર્ડ સભ્યો અમદાવાદ ખાતે ગુજરાત પંચાયત મહાસંમેલનમાં જનાર હોવાથી વહીવટી તંત્ર દ્વારા તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે. જયારે આ પંચાયત મહાસંમેલનમાં સરપંચ અને સભ્યો સહિત તાલુકા પંચાયત સભ્ય અને જિલ્લા પંચાયત સભ્યોને સમયસર પહોંચાડવા માટે ૧૦૦થી વધુ એસ.ટી બસો ફાળવવામાં આવી હતી.

ગોધરા, મોરવા હડફ સહિત જિલ્લાના ગ્રામીણ વિસ્તારમાં આવેલ ૪૦૦થી વધુ ગ્રામ પંચાયતોના સરપંચો અને ગ્રામ પંચાયતના વોર્ડ સભ્યો અમદાવાદ ખાતે નરેન્દ્ર મોદીના વિશેષ ઉપસ્થિતિમાં યોજાનાર પંચાયત મહાસંમેલનમાં જનાર હોવાથી વહીવટી તંત્ર દ્વારા સુંદર આયોજન કરવામાં આવ્યું છે. વહીવટી તંત્ર દ્વારા તાલુકા વિકાસ અધિકારીને આની જવાબદારી સોંપવા સાથે સરપંચો અને વોર્ડ સભ્યો તેમજ તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત સભ્યો સમયસર કાર્યક્રમ સ્થળે પહોંચે તે માટે એસટી વિભાગ દ્વારા ૧૦૦થી વધુ બસો દોડાવવામાં આવનાર છે. આ પંચાયત મહાસંમેલનમાં જિલ્લાની ૪૦૦થી વધુ ગામ પંચાયતોના સરપંચો અને વોર્ડ સભ્યો સહિત અન્ય સભ્યોને આઈ કાર્ડ આપવામાં આવ્યા હતા. દરેક બસમાં તાલુકા પંચાયતનો સ્ટાફ સહિત તલાટી ઓ પણ ઉપસ્થિત રહેવા સાથે આ પંચાયત મહાસંમેલનમાં જનાર સરપંચ અને વોર્ડના સભ્યોની કોઈ તકલીફ ન પડે તે માટે તેમના ઘરેથી બેસાડવા સહિત કાર્યક્રમ સ્થળે સમયસર પહોંચાડવા સાથે ફૂડ પેકેટ અને પાણીની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. પંચમહાલ જિલ્લા માંથી આ પંચાયત મહા સંમેલનમાં મોટી સંખ્યામાં સરપંચો સભ્યો ઉપસ્થિત રહે તે માટે ભાજપ દ્વારા પણ આ બાબતે ખાસ ધ્યાન આપવા સાથે કાર્યક્રમ સફળ બને તે માટેના પ્રયાસો કરવામાં આવ્યા હતા.

## ચાર રાજ્યોમાં ભાજપનો વિજય થતાં પંચમહાલ બીજેપીએ વિજયોત્સવ મનાવ્યો



ગોધરા,

દેશના પાંચ રાજ્યોમાં તાજેતરમાં જ યોજાયેલ વિધાનસભાની ચૂંટણીના આજે પરિણામો જાહેર થયા છે.જેમાં ચાર રાજ્યોમાં ઉત્તરપ્રદેશ,ઉત્તરાખંડ, ગોવા અને મણિપુરમાં ભાજપને મળેલા ભવ્ય વિજયને પગલે પંચમહાલ જિલ્લા ભાજપ સંગઠન દ્વારા વિજયોત્સવ મનાવવામાં આવ્યો હતો.ગોધરા શહેરના ચર્ચ સર્કલ ખાતે ભાજપના કાર્યકરો દ્વારા ફટાકડા ફોડી તેમજ ઢોલ નગારા વગાડી ઉજવણી કરવામાં આવી હતી.આ વિજયોત્સવમાં જિલ્લા ભાજપ પ્રમુખ, પંચમહાલ જિલ્લા પંચાયત પ્રમુખ સહિત અનેક જિલ્લા ભાજપના અગ્રણીઓ દ્વારા એકબીજાને મીઠાઈ ખવડાવી મ્હો મીઠું કરીને વિજયનો જશ્ન મનાવવામાં આવ્યો હતો.




તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

GFL દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ રણજીતનગર ખાતે આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં રણજીતનગર ગામના મહિલા આગેવાનો, ચુંટાયેલા પ્રતિનિધીઓ, ગામની બહેનો, સખી મંડળની બહેનો તેમજ રણજીતનગર હેન્ડી ક્રાફટની બહેનો અને જીએફએલ કંપનીના મહિલા કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



શહેરા ભાજપ દ્વારા ગોવા સહિત ચાર રાજ્યમાં ભાજપનો ભવ્ય વિજય થતાં ખુશીની લહેર છવાઈ હતી. ભાજપ અગ્રણી અને કાર્યકર્તાઓ એ ફટાકડા ફોડીને વિજય ઉત્સવ મનાવવામાં આવ્યો હતો.

## ગોધરા ખાતે જિલ્લા કલેક્ટરની અધ્યક્ષતામાં પરીક્ષા સ્થાયી સમિતિની બેઠક યોજાઈ

ગોધરા,

પંચમહાલ જિલ્લા કલેક્ટર સુજલ મયાત્રાના અધ્યક્ષસ્થાને જિલ્લા સેવા સદન, ગોધરા ખાતે સ્થાયી પરીક્ષા સમિતિની બેઠક યોજાઇ હતી. બેઠકમાં કલેક્ટરએ આગામી ૧૫મી જુલાઈથી શરૂ થઈ રહેલી ખાનગી, રિપીટર અને આઇસોલેટેડ વિદ્યાર્થીઓ માટેની એસ.એસ.સી, એચ.એસ.સી. પરીક્ષાઓને ધ્યાને રાખી કરવામાં આવી રહેલી તૈયારીઓ વિશે વિગતવાર માહિતી મેળવી હતી. કોરોના સંક્રમણ સામે સલામતીની એસઓપીના પાલનમાં કોઈ પણ બાંધછોડ ન થાય તેમ આયોજન કરવા વિશે તેમણે સૂચના અને માર્ગદર્શન આપ્યા હતા. શિસ્તને લગતા કોઈ પ્રશ્નો ન ઉદભવે, નિયમો અંગેના અજ્ઞાનના કારણે કોઈ સમસ્યા, ઘર્ષણ કે મુશ્કેલી ઉભી ન થાય, ગેરરીતિને કોઈ અવકાશ ન રહે, વિદ્યાર્થીઓ શાંતિથી નિશ્ચિંતપણે પરીક્ષા આપી શકે તેવો માહોલ સર્જવા માટે તેમણે સંબંધિત અધિકારીઓને નિર્દેશ આપ્યા હતા. મોબાઈલ લાવવા, પરીક્ષા ખન્ડમાં એન્ટ્રી અને ગેરરીતિ કરતા પકડાવવા પર થનારી શિક્ષા વિશે પરીક્ષાર્થીઓને સારી રીતે માહિતગાર કરવા તેમણે જણાવ્યું હતું. ૨૮ જુલાઈ સુધી ચાલનારી આ પરીક્ષાઓ દરમિયાન કેન્દ્રો પર પાણી, શૌચાલય, વીજપુરવઠો, પ્રાથમિક મેડિકલ સારવાર, ટ્રાન્સપોર્ટ માટે બસ સહિતના વાહનોની ઉપલબ્ધિ સુનિશ્ચિત કરવા જિલ્લા સમાહર્તાએ સૂચના આપી હતી. બેઠક બાદ એક ઓનલાઈન વીસીમાં શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ રાજયના તમામ જિલ્લાઓને કોરોનાના કપરા સમય બાદ આ પરીક્ષાઓના આયોજનના પડકારરૂપ કાર્ય અંગે સૂક્ષ્મ માર્ગદર્શન આપ્યું હતું.

બેઠકમાં પોલીસ અધિક્ષક ડો. લીના પાટીલ, નિવાસી અધિક કલેક્ટર એમ.ડી. ચુડાસમા, જિલ્લા શિક્ષણાધિકારી બી.એસ. પંચાલ, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી વી.એમ. પટેલ, વિવિધ શૈક્ષણિક સંઘોના પ્રમુખઓ સહિતના સ્થાયી પરીક્ષા સમિતિના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

## ગોધરા જાફરાબાદમાં શિક્ષણ પ્રચારક મંડળ શ્રી સરકાર જમીનનો હુકમ રદ પુનઃ સુનાવણીનો હાઈકોર્ટનો આદેશ

ગોધરા,

ગોધરા શહેરના જાફરાબાદ વિસ્તારમાં પ્રાંત અધિકારી દ્વારા કરવામાં આવેલો શ્રી સરકાર જમીનનો હુકમ રદ્દ કરીને પુનઃ શરતભંગની સુનાવણી કરવા હાઈકોર્ટ દ્વારા હુકમ કરવામાં આવ્યો છે.

ગોધરા શહેરના જાફરાબાદ વિસ્તારમાં આવેલા પંચમહાલ જિલ્લા શિક્ષણ પ્રચારક મંડળને સરકારે જે તે વખતે જમીન સંપાદન કરીને શૈક્ષણીક હેતું માટે આપી હતી. પરંતુ આ શૈક્ષણીક હેતુવાળી જગ્યા વર્ષો સુધી ખુલ્લી અને પડતર પડી રહેતા ગોધરા પ્રાંત અધીકારી દ્વારા મંડળની ૨૦ એકર કરતાં વધુ જમીન સરકાર હસ્તક કરવાના બે હુકમ કરવામાં આવ્યા હતા.ત્યારે મંડળની જમીન શ્રી સરકાર થતાં મંડળ દ્વારા સરકાર ને આ મામલે ધ્યાન દોરતાં પ્રાંત અધિકારી દ્વારા એકતરફી કાર્યવાહી કરી હોવાના આક્ષેપ સાથે હાઈકોર્ટમાં અરજી દાખલ કરવામાં આવી હતી. હાઈકોર્ટ દ્વારા ગોધરા પ્રાંત અધિકારીનો જમીન શ્રી સરકાર કરાયેલો હુકમ રદ્દ કરવામાં આવ્યો છે.સાથે સાથે પુનઃ શંરતભંગની સુનાવણી કરવાનો હુકમ કરવામાં આવ્યો હતો અને હાઈકોર્ટે જમીનની કોઈ પણ પ્રકારની તબદીલી કરવામાં આવશે નહિ તેવો પણ હુકમ કર્યો છે. હવે મંડળની જમીનની પુનઃ શરતભંગની સુનાવણી ટુંક સમયમાં કરવામાં આવશે તેવું સામે આવ્યું છે.



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા તાલુકા પંચાયતના મીટીંગ હોલમાં તાલુકા વિકાસ અધિકારીની અધ્યક્ષતામાં તલાટીઓ સાથે ગુજરાત પંચાયત મહાસંમેલનને લઈને જરૂરી ચર્ચાઓ કરવામાં આવી હતી. જ્યારે તાલુકાની ૮૦ ગ્રામ પંચાયતના સરપંચો તેમજ ૪૯૦વોર્ડ સભ્યો સહિત તાલુકા પંચાયત સભ્યો અને જિલ્લા પંચાયત સભ્યો અમદાવાદ ખાતે ગુજરાત પંચાયત મહાસંમેલનમાં જનાર છે.

## ગોધરાની કેવડીયાની ૧૯ વર્ષીય યુવતિને બે ઈસમો દ્વારા સંબંધો રાખવા મારી નાખવાની ધમકી આપી ત્રાસ આપતા યુવતિએ નદીમાં પડી મોતને વ્હાલું કર્યું

ગોધરા,

ગોધરા તાલુકાના કેવડીયા ગામે રહેતી યુવતિને બે ઈસમો દ્વારા લગ્ન કરવા માટે ફોન કરી પરેશાન કરવામાં આવતી હોય અને જાનથી મારી નાખવાની ધમકી આપીને મરવા માટે મજબુર કરતાં યુવતિ બન્ને ઈસમોના ત્રાસ થી કંટાળીને સંતરોડ પાસે પાનમ નદીના પાણીમાં પડીને મોતને વ્હાલું કરી લેતાં આ બાબતે મોરવા(હ) પોલીસ મથકે બન્ને ઈસમો વિરૂદ્ધ ફરિયાદ નોંધાવા પામી છે. પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા તાલુકાના કેવડીયા ગામે રહેતી મધુબેન મણીલાલ વણકર ઉ.વ.૧૯ને આરોપી ઈસમ ધર્મેન્દ્ર રમણભાઈ વણકર રહે.નાગલોદ તા.મોરવા સાથે સંબંધો હોય જેને લઈ તું મારી સાથે લગ્ન નહી કરે તો મારમારીશ તેવી ધમકી આપી હતી. જ્યારે બીજા આરોપી નયન ખેંગારભાઈ વણકર રહે.ગણેશ મુવાડી તા.મોરવા(હ) એ અવારનવાર મરણ યુવતિને ફોન ઉપર ગાળો બોલીને તું ધર્મેન્દ્ર સાથે સંબંધ રાખીશ તો તારું ખૂન કરી નાખીશ તેવી ધમકી આપતો હોય મધુને બન્ને ઈસમો દ્વારા પ્રેમ સંબંધો રાખવા અને લગ્ન કરવા માટે હેરાન કરવામાં આવતી હોય જને લઈ યુવતિ માનસીક ત્રાસી મરણ જવા માટે દુષ્પ્રેરણા આપતા હોય પરિણામે કાયમી ત્રાસથી છુટકારો મેળવવા માટે મધુબેન એ સંતરોડ ગામ પાસે પાનમ નદીના પાણીમાં પડીને મોતને વ્હાલું કર્યું હતું. આ બાબતે મોરવા(હ) પોલીસ મથકે બન્ને ઈસમો સામે ૩૦૬, ૧૧૪ મુજબ ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## ગોધરા નવદીપ નગર સોસાયટીના વૃધ્ધની હત્યા કરનાર ત્રણ આરોપીના ૧૦ દિવસના રીમાન્ડ

ગોધરા,

ગોધરા શહેરના વૃધ્ધની હત્યા કરનારા ત્રણેય ઈસમોના ૧૦ દિવસના રિમાન્ડ કોર્ટ દ્વારા મંજૂર કરવામાં આવ્યા છે.બીજી તરફ છ દિવસ બાદ પણ ગઉછ્આ ની ટીમને કેનાલમાંથી વૃદ્ધની લાશનો પત્તો લાગ્યો નથી. ગોધરાના સાંપારોડ પર આવેલી નવદીપનગર સોસાયટીમાં રહેતા અને બેંકના નિવૃત કર્મચારી મનહરભાઈ દેવાભાઈ ઝાલાની ઉછીના પૈસાની લેતી દેતીમાં રેખાબેન પરમાર, સંજય દેવીપુજક તથા રાહુલ પરમાર નામના ત્રણ ઈસમો દ્વારા હત્યા કરીને મૃતદેહને એક્સઠ પાટીયા પાસેની નર્મદા કેનાલમાં નાખી દીધી હોવાની ફરીયાદ ગોધરા શહેર એ ડીવીજન પોલીસમથકે નોંધાવવામાં આવી હતી. પોલીસે હત્યા કરનાર મહીલા સહીત ત્રણની ધરપકડ કરી હતી. હત્યારાઓએ મનહરભાઈ ઝાલાની લાશને નર્મદા કેનાલમાં નાખી દીધી હોવાની કબુલાત આરોપીઓએ કર્યા બાદ પોલીસે ગઉછ્આની ટીમને બોલાવીને શોધખોળ માટે કામે લગાડી હતી. ટીમે કેનાલના ૫ થી ૭ કિ.મી સુધીના વિસ્તારમાં શોધખળ કરી હતી. તેમ છતાં હત્યા કર્યાના ૬ દિવસ બાદ પણ મૃતદેહ મળી આવ્યો નથી. બીજી તરફ પોલીસ દ્વારા ત્રણેય હત્યારાઓને પકડી પાડીને કોર્ટમાં રજુ કરવામાં આવ્યા હતા. કોર્ટ દ્વારા ત્રણેય ઈસમોના દસ દિવસના રિમાન્ડ મંજૂર કરવામાં આવ્યા છે.ત્યારે હવે વૃદ્ધ નો મૃતદેહ ક્યારે અને ક્યાંથી મળે છે તે તો આવનાર સમય જ બતાવશે.ત્યારે વૃદ્ધ નો મૃતદેહ નાં મળતા પરિવાર જનોની હાલત દયનીય બનવા પામી છે.

## દે.બારીયા શહેર તથા તાલુકાની પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થીઓની હાજરીનો અભાવ છે : કોણ જવાબદાર...?

દે.બારીયા,

સરકારી પ્રાથમિક શાળાઓમાં કોરોનાના કાળથી તાલુકા અને ખાસ કરીને શહેરની પ્રા. શાળાઓમાં વિદ્યાર્થીઓ હાજર જણાતા નથી. તેને જોઈને શિક્ષકો પણ સ્કુલે આંટાફેરા કરતા દેખવા મળે છે. જેથી શાળાઓમાં શિક્ષકોની હાજરી ૫૦ ટકા જેટલી પણ જણાતી નથી. આ અંગે અમારા પંચમહાલ સમાચારના પ્રતિનિધીએ સી.આર.સી. કોર્ડીનેટરને પુછતાછ કરી તો તેમણે જણાવ્યું કે, જેટલા બાળકો ફીજીકલીય આવે તેમની જ હાજરી પુરવી જે ના આવે તેઓની હાજરી પુરવી નહીં તેવી સ્પષ્ટ સુચના આપી દીધી છે. પ્રાથમિક શાળાઓમાં ૧૯ હજાર સ્કુલોમાં ઓરડા નથી. તેની સૌને ફીકર છે. પરંતુ ઓરડામાં બેસવાવાળા વિદ્યાર્થીઓ શાળામાં આવતા નથી. એ પણ કોરોના કામના સમયથી તેની એટલે સર્વે શિક્ષા અભિયાન અંતર્ગત સૌ ભણે સૌ આગળ વધે તે અંગે કોઈપણ શિક્ષણના ધુરંધરોને કેમ પડી નથી. તે એક મોટો સવાલ છે. માંડ માંડ એક માસ પછી વાર્ષીક પરીક્ષાનો સમય સામે આવે છે. તો વાલીઓ, શિક્ષકો, શિક્ષણના પદના અધિકારીઓમાં બાળકોના ભાવિ માટે પગલાં ભરે તેવી માંગ છે.

પ્રાપ્ત માહિતી અનુસાર દે.બારીયા તાલુકા તથા શહેરની પ્રાથમિક શાળાઓમાં લોકડાઉનના સમયથી ભુલંકાઓ ત્રીજી લહેરમાં સપડાય ના તે ઉમદા હેતુ માટે સરકારે શાળાઓમાં વિદ્યાર્થીઓને બંધ કરાયા હતા. પરંતુ હાલમાં જ ગત માસથી સરકારે હુકમ મુજબ ૧૦૦ ટકા વિદ્યાર્થીઓની હાજરી કરવામાં આવી હોવા છતાં પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થીનીઓ ગેરહાજરી રહેતા શાળાઓમાં ભૂતવાસ જેવો આભાસ દેખવા મળે છે. વિદ્યાર્થીઓના ભાવિનું શું ? તેની કોઈને પણ પડી નથી. વિદ્યાર્થીઓ પાછા શાળામાં લાવવા માટે કોઈને કોઈને આગળ આવવું જ પડશે જેથી જીલ્લા અને તાલુકાના પદના અધિકારીઓ રાઈટ ટુ એજયુકેશનનો અમલમાં લાવી તમામ તાલુકાના શાળાઓ ફીજીકલીય વિદ્યાર્થીઓને હાજર કરવા પ્રયત્નો કરવા રહ્યા જો આમ નહી કરાય તો કોરોના કાળના બે વર્ષ ભુલકાંઓનું ભાવિ વેડફી નાખ્યો છે. તેની પુરતી કયારે થશે તે તો આવનારો સમય બતાવશે.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

ગીતાબેન રામાભાઈ ભગોરા
મુ. સરજુમી, તા.લીમખેડા જી.દાહોદ

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

ગંગાબેન બચુભાઈ કથોલીયા
મુ. કથોલીયા, તા.લીમખેડા જી.દાહોદ

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

અંકુરભાઈ નાથાભાઈ મોહનીયા
મુ. જુના પટેલ ફળીયું-ખીરખાઈ, તા.લીમખેડા, જી.દાહોદ

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

રમેશભાઈ વીરસીંગભાઈ ભાભોર
મુ. અંધારી, તા.લીમખેડા જી.દાહોદ

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.168